# ગાંધીનગર હેડ પોસ્ટ ઓફિસમાં કોર બેન્કીંગ સુવિધાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૫

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ દરમિયાન વાઈબ્રન્ટ પોસ્ટ ઓફિસ ખુલ્લી મુકાશે. હેડ પોસ્ટ ઓફિસના ખાતેદારો આ સમય દરમિયાન આ પોસ્ટ કચેરીમાંથી પણ નાણાંની લેવડદેવડ કરી શકશે. આ ઉપરાંત ગાંધીનગર હેડ પોસ્ટ ઓફિસમાં આજથી 'કોર બેંકીંગ'ની સુવિધા પણ શરૂ કરી દેવાઈ છે.

ગુજરાત પોસ્ટલ સર્કલના ચીફ પોસ્ટ માસ્તર જનરલ બ્રિગેડીયર સંજીવ થાપરના હસ્તે આજે ગાંધીનગરની હેડ પોસ્ટ ઓફીસમાં કોર બેંકીંગની સુવિધા શરૂ કરવામાં આવી છે. કોર બેંકીંગ સુવિધાના ઉદ્‌ઘાટન પ્રસંગે ગુજરાત પોસ્ટલ સર્કલના પોસ્ટ માસ્તર જનરલ અંબેશ ઉપમન્યુ, અમદાવાદ હેડ ક્વાર્ટરના રિજીયનના ડાયરેક્ટર રામચન્દ્ર મયભાયે, ગાંધીનગર પોસ્ટલ ડીવીઝનના સિનિયર સુપ્રિટેન્ડેન્ટ અર્પણા ગોયલ સહીત અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.





(તસવીર : દિપક જાની)

ગુજરાતની આ દ્વીતીય હેડ પોસ્ટ ઓફીસને કોર બેંકીંગની સુવિધા પુરી પાડવામાં આવી છે. ગાંધીનગર હેડ પોસ્ટ ઓફીસમાં કુલ ૧,૨૧,૨૧૯ ખાતેદારો છે. જ્યારે ખાતાઓની કુલ ડીપોઝીટ ૪૭૪.૩ કરોડ રૂપિયા જેટલી છે. હેડ પોસ્ટ ઓફીસને કોર બેંકીંગ સેવાનો પણ લાભ મળશે. ખાતેદારો દેશની અન્ય કોર બેંકીંગમાં જોડાયેલી પોસ્ટ ઓફીસમાંથી નાણાંની લેવડ-દેવડ કરી શકશે. ગ્રાહકોના નાણાંની સલામતી વધુ મજબુત બનશે. ટુંકમાં પોસ્ટ વિભાગ દ્વારા એ.ટી.એમ. સેવા શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત આગામી વાઈબ્રન્ટ સમિટ દરમિયાન વાઈબ્રન્ટ પોસ્ટ ઓફીસ પણ ખુલ્લી મુકવામાં આવશે. આ સમય દરમિયાન આ પોસ્ટ ઓફીસમાંથી નાણાંની લેવડ-દેવડ પણ કરી શકાશે.

# કાતિલ ઠંડીમાં વિદ્યાર્થીઓ ઠુંઠવાયા મોર્નિંગ સ્કુલનો સમય બદલવા માંગ

## અસહ્ય ઠંડીને ધ્યાને લઈ સમયસર નિર્ણય લેવા વાલીઓની રજૂઆત

ગાંધીનગર, તા.૧૫

શિયાળો આક્રમક બનતા શહેરમાં કાતિલ ઠંડીનું મોજું ફરી વળ્યું છે. ઠંડીનો પારો ૬ ડીગ્રી સુધી નીચે ગગડતા બરફીલા પવનથી નગરનું જનજીવન થીજી ગયું છે ત્યારે વહેલી સવારે અને રાત્રિના સમયે નગરમાં સન્નાટો છવાઈ જાય છે. અસહ્ય ઠંડીના દિવસોમાં શાળાના સમયમાં જરુરી ફેરફાર કરવા વાલીઓમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે. શાળાના સમયમાં ફેરફાર કરવાના મામલે રજૂઆત, વિચારણા અને નિર્ણયના તબક્કામાં જ ઠંડીની ઋતુ પૂર્ણ થઈ જતા વિદ્યાર્થીઓને આખરી ઠંડી વેઠવાનો વારો આવતો હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. ત્યારે આકરી ઠંડીની શરૂઆતમાં જ જરુરી નિર્ણય લેવાય તેવી માંગ ઉઠવા પામી છે.

શહેરમાં કાતિલ ઠંડીનું મોજું ફરી વળતા જનજીવન પ્રભાવિત થયું છે. છેલ્લા ૨-૩ દિવસથી ઠંડીનો પારો સતત નીચે ગગડતા શિયળાની ઋતુએ આક્રમક સ્વરૂપ ધારણ કર્યુ છે. શરદીની મૌસમ ઉગ્ર બનતા ગાંધીનગર ઠંડુગાર બની ગયું છે. ઠંડીનો પારો ૬ ડીગ્રીએ પહોંચી જતા નગરજનો કોલ્ડવેવની અસરથી ધ્રુજી રહ્યા છે. દિવસે પણ ઠંડીનો થોડો ચમકારો વર્તાય છે. આવા સંજોગોમાં વહેલી સવારે અને રાત્રિના નગરના માર્ગો પર સન્નાટો છવાયેલો જોવા મળે છે. ઠંડીથી બચવા શ્રમકો પણ તાપણાના સહારે છે. વહેલી સવારે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા પણ ઘટી છે. ઠંડીથી બચવા નાગરિકો ઘરની બહાર જવાનું ટાળે છે. આવા સંજોગોમાં મોર્નિંગ સ્કુલનો સમય બદલવા પણ વાલીઓમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે. ગત વર્ષે પણ શાળા કક્ષાએથી કોઈ નિર્ણય ન લેવાતા વિદ્યાર્થીઓએ ઠંડીમાં ઠુંઠવાનો વારો આવ્યો હતો. ઠંડીની ઋતુમાં શાળાનો સમય બદલવાના મામલે રજૂઆત, વિચારણા અને નિર્ણયની પ્રક્રીયા લાંબી ચાલતા શિયાળો પૂરો થવા આવે ત્યારે તંત્ર હરકતમાં આવે છે જેને ધ્યાને લઈ આ વખતે ઠંડીની શરૂઆતથી જ જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએથી જરુરી સૂચના આપવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# સેક્ટર-૧૭માં ફુલ્લી બુલેટપ્રુફ ડૉમ તૈયાર

## કાચને બદલામાં બુલેટપ્રુફ બ્લોક્સનો ઉપયોગ થયો આ ડોમ પુરતો અલાયદો પોલીસ બંદોબસ્ત મુકાશે

ગાંધીનગર, તા. ૧૫

વાઈબ્રન્ટ સમિટની તડામાર તૈયારીઓ વચ્ચે સેક્ટર-૧૭ એક્ઝીબીશન સેન્ટરની જગ્યા પર સુરક્ષા અને સલામતીના સંદર્ભમાં ખુબ જ યોગ્ય પુરવાર થાય તેવો એક વિશેષ ડૉમ બનાવવામાં આવ્યો છે. આ ડૉમ ફુલ્લી બુલેટપ્રુફ છે. અને તેને બુલેટપ્રુફ કાચ વડે નહીં પરંતુ બ્લોક્સ વડે તૈયાર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

સેક્ટર-૧૭માં એક્ઝીબીશન સેન્ટર ખાતે તૈયાર કરાયેલ વિવિધ ડૉમ પૈકી એક ડૉમને વિશેષ રીતે સુરક્ષીત બનાવવામાં આવ્યો છે. તમામ સુવિધાયુક્ત આ ડૉમને ફુલ્લી બુલેટપ્રુફ બનાવીને સુરક્ષાની દષ્ટીએ બેસ્ટ તૈયાર કરાયો છે. તે ઉપરાંત આ ડૉમ માટે વિશેષ સુરક્ષા વ્યવસ્થા મુકવામાં આવી છે. આ ડૉમ પુરતો અલાયદો પોલીસ બંદોબસ્ત મુકવામાં આવશે. ફુલ્લી બુલેટપ્રુફ ડૉમની વ્યવસ્થા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી માટે કરવામાં આવી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)



ઉંધિયાની મોસમના એંધાણ - શિયાળો જામતા ચટાકેદાર ઉંધિયું જમવાની ઉત્તેજના જગાવે છે... આજકાલ ઉંધિયા માટે મુખ્ય ગણાતી તુવેરની શીંગો ઢગલાબંધ જથ્થામાં બજારમાં ઠલવાઈ છે... નગરના રાજમાર્ગો પર અને શાકમાર્કેટમાં તુવેરની શીંગો ભરી ભરીને લારીઓ આવી રહી છે... વિશેષ કરીને સાબરકાંઠા અને મહેસાણા જિલ્લામાં તથા ઉત્તર ગાંધીનગરમાં તુવેરનો પાક મોટા પ્રમાણમાં થાય છે. ગાંધીનગરાઓ માટે ઉંધિયાની ઉપલબ્ધિ સરળતાથી થાય એવી આ મોસમને લીલીછમ કરવા તુવેર આસપાસ-ચોપાસ છે....

# હજુ ગુજરાતમાં ગાત્રો થીજવતી વધુ ઠંડી પડવાની આગાહી

ગાંધીનગર, તા.૧૫

છેલ્લા બે દિવસથી પડી રહેલી ગાત્રો થીજવતી ઠંડી આગામી દિવસોમાં વધુ તીવ્ર બનવાની આગાહી હવામાન વિભાગે કરી છે. ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે આગામી દિવસોમાં ગુજરાત-સૌરાષ્ટ્રમાં હાડ થીજવતી ઠંડી પડશે.

સામાન્ય તહ આ વખતે નવેમ્બર માસમાં વારંવાર હવામાનના પલટાથી ઉભા રવિ પાકો ઉપર વિષમ હવામાનને લીધે માઠી અસર થવામાં હતી તેમજ રવિ પાકના બીજના ઉગાવા પર પણ તેની અસર થાય તે સ્વાભાવિક છે. જો સાનુકુળ ઠંડી પડે તો ઉભા કૃષિ પાકો સારા થાય આથી ભૂ ભૌગોલિક બાબતો અન્ય આધાર અને ગ્રહોના જળદાયક નક્ષત્રનાડીના યોગોથી જોતા ડિસેમ્બરની આગામી તારીખમાં હજુ ગાત્રો થીજવતી ઠંડીના યોગો રહે.

દેશના ઉત્તરીય ભાગોમાં હાલમાં મોસમી વરસાદ થવામાં છે તે અંગે જોતા મેદાની ભાગોમાં હવે દિવસનું ઉષ્ણતામાન વધી શકે પરંતુ રાત્રિનું અને સવારના હવામાનમાં ઠંડીની ભારે અસરો થઈ શકે. દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશમાં નીચેનું તાપમાન શૂન્ય ડિગ્રીથી ઘણું નીચું જઈ શકે.

ડિસે. ૨૦૧૪માં તા. ૨૨થી હજુ પણ દેશના ઉત્તરીય પવર્તીય પ્રદેશમાં ભારે હિમવર્ષાના યોગો રહે જયારે ડિસે. તા. ૨૯થી જાન્યુ ૨૦૧૫ની શરૂઆત સુધીમાં હવામાનમાં પલ્ટા આવે જેને લીધે વાદળ ધૂમ્મસ અને ઝાકળ સાથે કેટલાક ઠેકાણે કમોસમી વરસાદ થાય. ઉત્તર પ્રદેશના વિસ્તારો નવી દિલ્હી, બિહાર અને બંગાળના ભાગોમાં કાતિલ ઠંડી પડવાના યોગો થઈ રહ્યા છે. ધૂમ્મસની અસરો પણ રહે. જાન્યુ ૨૦૧૫ની તા. ૮ સુધીમાં સિંધ પંજાબના મેદાની પ્રદેશની વાયવ્ય ભાગમાં શિયાળુ ઠંડી પવનો થતા ઉત્તર અરબી સમુદ્રમાં હવાના દબાણો ઉભા થાય આથી ગુજરાત સૌરાષ્ટ્રના ભાગો ઉપર પણ વાદળવાયુના યોગો કરે. ઠંડીની અસરો કચ્છ, ઉત્તર ગુજરાતના ભાગોમાં વધુ રહેવાની સંભાવના છે. કટલાક ભાગોમાં ભૂ-ભૌગોલિક બળો જોતા હિમર્ષાની અસરને લીધે નીચું તાપમાન ૫ ડિ.સે. નીચે જઈ શકશે. અમદાવાદમાં ઠંડીનો પારો ૮ ડિસેથી પણ નીચે જવાની સંભાવના છે. ઠંડીની અસરો કેટલાક કૃષિ પાકો ઉપર વિપરીત અસર કરે.

# ગુજરાતમાં કોલ્ડવેવ : નલિયામાં પારો ગગડીને પાંચ ડિગ્રી થયો

## પારો હજુ નીચે ઉતરશે, જનજીવન ખોરવાયું : બાળકો-સામાન્ય લોકોને વધુ સાવધાની રાખવા જરૂર

અમદાવાદ,તા. ૧૫

અમદાવાદ સહિત ગુજરાતભરમાં કોલ્ડવેવના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. પારો વધુ નીચે ગગડી જતાં તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. આગામી ત્રણ દિવસ સુધી કોલ્ડવેવની ચેતવણી જારી કરવામાં આવી છે. જેના કારણે લોકોને કોઈ રાહત મળે તેવી શક્યતા નહીવત દેખાઈ રહી છે. આજે નલિયામાં પારો ગગડીને પાંચ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયો હતો. જેના કારણે લોકો ધ્રુજી ઉઠ્યા હતા. બીજીબાજુ અમદાવાદ શહેરમાં પણ લઘુત્તમ તાપમાન ૭.૪ ડિગ્રી નોંધાયું હતું જેના કારણે વહેલી સવારે અને મોડી રાત્રે જનજીવન ઓછું દેખાયું હતું અને લોકો બહાર નિકળવાનું ટાળી રહ્યા હતા. ઠંડી હવે તેની અસર બતાવી રહી છે.

આજે અમદાવાદમાં પણ લઘુત્તમ તાપમાન ગઈકાલની સરખામણીમાં વધુ ઘટ્યું હતું. આવતીકાલે તાપમાન હજુ પણ ઘટે તેવા સંકેત છે. આનો મતલબ એ થયો કે, શહેરના લોકોને વધુ ઠંડીનો અનુભવ થશે. તાપમાન ૭ ડિગ્રી સુધી નીચે અમદાવાદ શહેરમાં પહોંચી શકે છે. આજે ગુજરાતના મોટાભાગના

● અનુસંધાન પાન-૭ પર

હાર્દિક અભિનંદન



શ્રી ગણપતભાઈ જોષી
ડિરેક્ટર
પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગુજરાત રાજ્ય

બનાસકાંઠા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ તેમજ ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ અગ્રણી શ્રી ગણપતભાઈ કે. જોષીની ગુજરાતના મુખ્યમંત્રી મા. શ્રીમતી આનંદીબેન પટેલે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડિરેક્ટર પદે નિયુક્તિ કરવા બદલ હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ....

ભવદીય

અશ્વિનભાઈ ત્રિવેદી, મંત્રી, સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ

શૈલેષભાઈ જોષી, પ્રમુખ, સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ, ઉપપ્રમુખ, ઓલ ઈન્ડિયા બ્રહ્મસમાજ

અમેરીકા વીઝા
શું આપને અમેરીકા જવું છે ?
બિઝનેસ, વીઝીટ, કાયમી, ભણતર માટેનાં વીઝા માટે
IATA સત્યમ
લીઝર ટ્રાવેલ પ્રા. લી.
88662 73000 | 94299 33472

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૦૫૭૧

## સમદર્શન દ્વારા ૧૮મીથી ૨૫મી દરમિયાન જ્ઞાનયજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

સમદર્શન આશ્રમ આયોજીત જ્ઞાનયજ્ઞ ૧૮મી ડિસેમ્બરથી આરંભાય છે. ભજગોવિંદમ્ વિષય પર પૂજ્ય ગુરૂમા સમાનંદજીની અમૃત વાણીનો લાભ લેવા ભાવિકોને વિનંતી કરાઈ છે. કડી કેમ્પસના ખીમજી વસરામ હોલ ખાતે સાત દિવસ સાંજે ૬-૩૦ થી ૮-૦૦ દરમિયાન જ્ઞાનયજ્ઞ યોજાશે.



પૂજ્ય ગુરૂમાના વિવિધ વિષયો પરના વ્યાખ્યાનોમાં ગાંધીનગરના ભાવિકો શ્રવણ માટે મોટી સંખ્યામાં ઉમટે છે. સમદર્શન આશ્રમ દ્વારા આધ્યાત્મિક ચેતના પ્રસરાવવાના ભાગરૂપે યોજાતા કાર્યક્રમોમાં જ્ઞાનયજ્ઞ લોકભોગ્ય બની રહ્યો છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

# કટાયેલા સ્ટ્રીટ લાઈટના પોલ્સ જાહેરખબરનું માધ્યમ બન્યા

## બ્યુટીફીકેશન પાછળ કરોડોનો ખર્ચ આમ છતાં સ્ટ્રીટલાઈટના પોલ્સ તદ્દન કંગાળ હાલતમાં

ગાંધીનગર, તા.૧૫

શહેરને વાયબ્રન્ટ લુક આપવા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. નગરના માર્ગો, સન્ટ્રલ વર્જ અને સર્કલોને નવા રૂપરંગ આપવાનું કામ હાથ ધરાયું છે પરંતુ નગરના માર્ગો પર અજવાળુ પાથરતા સ્ટ્રીટ લાઈટના પોલ્સ તદ્દન વિકરાળ હાલતમાં છે. સ્ટ્રીટ લાઈટન થાંભલામાં જાહેરખબરનું માધ્યમ બની ગયા છે. કટાઈ ગયેલા અને કંગાળ ભાસતા લાઈટીંગ પોલ્સ પર કોમર્શિયલ જાહેરખબરના બેનર્સ લટકતા જોવા મળે છે.

શહેરને સ્વચ્છ, સુંદર અને રળિયામણું બનાવવા તંત્ર એ છેલ્લા એક મહીનાથી ઝુંબેશ હાથ ધરી છે. નગરના માર્ગોને ચકાચક બનાવવા ઉપરાંત અનેકવિધ બ્યુટીફીકેશનના કામો પણ હાથ ધરાયા છે. માર્ગોને સુંદર બનાવવા રોડ ફર્નિચર પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ શહેરમાં સેકટરોમાં સ્થિત સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ જાળવણીના અભાવે તદ્દન કંગાળ ભાસી રહ્યા છે. કટાયેલા અને કંગાળ સ્ટ્રીટ લાઈટના થાંભલા પર ઠેર ઠેર જાહેરખબરના હોર્ડીંગ્સ અને પોસ્ટરો ચિપકાયેલા જોવા મળે છે વિકરાળ ભાસતા સ્ટ્રીટલાઈટના થાંભલા વાઈબ્રન્ટ લૂક માટે સોનાની થાળીમાં લોઢાની મેખ સમાન ભાસી રહ્યા છે. સેકટરોમાં આ સ્ટ્રીટલાઈટ પોલ્સનું કલર કામ પણ થતું નથી. બીજી તરફ કોમર્શિયલ જાહેરખબરના બેનરો ચિપકાવી દેવાતા લાઈટના થાંભલા માત્ર જાહેરખબરનું માધ્યમ બની ગયા છે. ઈલેકટ્રીક વિભાગ દ્વારા માત્ર મુખ્યમાર્ગોના લાઈટીંગ પોલ્સને કલર કરી કામ આટોપી લેવાયું છે. સેકટરોના અન્ય માર્ગો ઉપર વચાળે સ્થિત લાઈટીંગ પોલ્સ બિહામણાં ભાસી રહ્યા છે.




(તસવીર : ધનંજય જોષી)



Sleek THE KITCHEN SPECIALIST

Sleek's innovative storage ideas created more space in my kitchen



Rajdhani Hardware
G-10, Meghmalhar, Sector-11, Gandhinagar-382 011.
Ph: 079-23229033, M-9825033740

SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS | DR. FIXIT FOR HEALTHY CONSTRUCTION | TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com